**અસ્વીકરણ:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઈ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**DISCLAIMER:** The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

==============================================================

ગુજરાતની વડી અદાલતમાં અમદાવાદ ખાતે

ફર્સ્ટ અપીલ નંબર ૩૮૪૮/૨૦૦૬

મંજુરી અને હસ્તાક્ષર માટે:

| | |
|---|---|
| માનનીય મુખ્ય ન્યાયામૂર્તિ શ્રી ભાસ્કર ભટ્ટાચાર્ય | |

==========================================

| | | |
|---|---|---|
| ૧ | શું સ્થાનિક અખબારોના પત્રકારોને ચુકાદો જોવાની મંજૂરી આપવામાં આવી શકે છે? | હા |
| ૨ | પત્રકારને રીફર કરવામાં આવશે કે નહીં? | હા |
| ૩ | શું માનનીય શ્રી ન્યાયમૂર્તિ ચુકાદાની ખરી નકલ જોવા માંગે છે? | ના |
| ૪ | શું આ કેસમાં ભારતના બંધારણના અર્થઘટન અથવા તે હેઠળ કરવામાં | ના |

| | | |
|---|---|---|
| | આવેલા કોઈપણ આદેશ અંગે કાયદાના નોંધપાત્ર પ્રશ્નનો સમાવેશ થાય છે? | |
| ૫. | શું તે સિવિલ જજને મોકલવાનુ છે? | ના |

=============================================

ન્યૂ ઈન્ડિયા એશ્યોરન્સ કંપની લિમિટેડ.

વિરુદ્ધ

કાંતિભાઈ વાડીલાલ કામદાર તથા અન્ય.

=======================================================

હાજરી: અપીલકર્તા તરફથી શ્રી વિભૂતિ નાણાવટી, વકીલ.

પ્રતિવાદી ક્રમાંક ૧ માટે અધિવક્તા શ્રી મયુર રાજગુરુ, પ્રતિવાદીઓ ક્રમાંક – ૨, ૪ માટે નિયમ બજાવવામાં આવ્યો

=============================================

સમક્ષ: માનનીય મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી ભાસ્કર ભટ્ટાચાર્ય

તારીખ : ૨૩/૦૯/૨૦૧૪

<u>સી.એ.વી. ચુકાદો</u>

૧. મોટર વાહન અધિનિયમની [આગળથી, અધિનિયમ] કલમ ૧૭૩ હેઠળની આ પ્રથમ અપીલ વીમા કંપનીની અરજીએ કરવામાં આવેલ છે અને તે અમદાવાદ

શહેર સ્થિત મોટર અકસ્માત દાવા પ ચ [ઑક્સ.] દ્વારા એમ.એ.સી.પી. નં. ૭૧૦ ઓફ ૧૯૯૮ માં ૨૭મી એપ્રિલ ૨૦૦૬ના રોજ આપવામા આવેલ એવોર્ડ વિરુદ્ધ દાખલ કરવામાં આવેલ છે, જેના દ્વારા અધિનિયમની કલમ ૧૬૬ હેઠળની કાર્યવાહીનું નિરાકરણ કરતાં અરજી દાખલ થયેલી તારીખથી ૩૧મી ડિસેમ્બર ૨૦૦૦ સુધી વાર્ષિક ૯%ના દરે વ્યાજ સાથે રૂપિયા ૨,૮૮,૦૦૦-૦૦ની રકમ અને ૧લી જાન્યુઆરી ૨૦૦૧થી વસૂલાત સુધી વાર્ષિક ૬%ના દરે વ્યાજ આપવાનો હુકમ કરવામાં આવ્યો હતો.

૨. અસંતોષ અનુભવીને, વીમા કંપની હાલની અપીલ લઈને હાજર થઈ છે.

૩. દાવેદારો મૃતકના માતા-પિતા છે, જેનું અવસાન ૫૧ વર્ષની વયે થયું હતું. તેઓએ તેમના પુત્ર ભારતભાઈ કાંતિભાઈ કામદારના મૃત્યુ બદલ રૂપિયા ૬ લાખની રકમનો દાવો કરતાં અધિનિયમની કલમ ૧૬૬ હેઠળ અરજી રજૂ કરી હતી, અને દાવેદારો દ્વારા રજૂ કરાયેલ કેસ નીચે મુજબ હતો:-

૩.૧ નવરંગપુરા પોલીસ સ્ટેશનની હદમાં આવેલા નહેરુ બ્રિજના કિનારે તા. ૧૭મી ડિસેમ્બર ૧૯૯૭ના રોજ સવારે અંદાજે ૧૧.૩૦ વાગ્યે અકસ્માત બન્યો હતો. દાવેદારોના કહેવા મુજબ, ઉપરોક્ત તારીખે, પોતાનું કામ પૂર્ણ કર્યા બાદ, મૃતક ભરતભાઈ તેમના નોંધણી ક્રમાંક જી.યુ.આઈ. ૩૯૫જ ધરાવતા સ્કૂટર પર લાલ દરવાજાથી પોતાના નિવાસસ્થાન તરફ જઈ રહ્યા હતા. મૃતક નહેરુ બ્રિજના

પશ્ચિમ છેડા નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે, તે સમયે પ્રતિવાદી ક્રમાંક ૧ રસ્તાની ખોટી બાજુએથી, ટ્રાફિકના નિયમોનું પાલન કર્યા વિના, બેદરકારીપૂર્વક અને અવિવેકી રીતે, નોંધણી ક્રમાંક જી.જે. ૧. એ.આર. ૬૬૩૦ ધરાવતી મારુતિ કાર ઝડપથી હંકારી લાવ્યો અને ભરતભાઈ ચલાવતા સ્કૂટર સાથે અથડાયો, જેના પરિણામે મૃતક રસ્તા પર પડી ગયા અને તેમને ગંભીર ઈજાઓ પહોંચી, જેના પરિણામે તેમનું મૃત્યુ થયું. દાવા અરજીમાં મારુતિ કારના ચાલકને પ્રતિવાદી ક્રમાંક ૧ અને મારુતિ કારના માલિકને પ્રતિવાદી ક્રમાંક ૨ તરીકે દર્શાવવામાં આવ્યા હતા.

૩.૨ દાવેદારોના જણાવ્યા મુજબ, મૃતક ભગવતી પ્રોવિઝન્સ નામે અખબારો અને સામાયિકો વગેરેના વેચાણનો ધંધો કરતો હતો અને સાથે સાથે ફટાકડાના મોસમી ધંધો પણ કરતો હતો અને તે દ્વારા પ્રતિમાસ રૂ. ૬૦૦૦/- કમાતો હતો, જેમાંથી પોતાની વ્યક્તિગત ખર્ચ કપાત કર્યા પછી મૃતક પરિવારના ખર્ચો પૂરા કરવા માટે દાવેદારોને પ્રતિમાસ રૂ. ૫૫૦૦/- આપતો હતો. દાવેદારોના જણાવ્યા મુજબ, મૃતક પરિવારનો એકમાત્ર ભરણપોષણ કરનાર હતો. તેથી, દાવેદારોએ અકસ્માતમાં તેમના પુત્રના મૃત્યુ બદલ રૂ. ૬ લાખની રકમનો વળતર અપાવવા માટે દાવા-અરજી દાખલ કરી હતી.

૪. નોટિસની તામિલી થયેલ હોવા છતાં, મારુતિ કારના ન તો ડ્રાઈવર અને ન તો માલિક લખિત જવાબ રજૂ કરીને અરજીનો પ્રતિકાર કરવા હાજર રહ્યા હતા.

જોકે, મારુતિ કારનો વીમાકર્તા, જે અહીં અપીલકર્તા છે, હાજર થયો અને અધિનિયમની ધારા ૧૭૦ હેઠળ પરવાનગી મેળવી, અરજીમાં કરાયેલા આક્ષેપોનો ઈનકાર કરતાં લખિત જવાબ દાખલ કર્યો. વીમા કંપનીના જણાવ્યા મુજબ, કથિત અકસ્માત મૃતક દ્વારા ચલાવવામાં આવતી સ્કૂટર નં. જી.યુ.આઈ. ૩૯૫૪ અને નોંધણી નં. જી.જે.૧.એ.આર.૬૬૩૦ ધરાવતી મારુતિ કાર વચ્ચે અથડામણ થવાને કારણે બન્યો હતો અને અકસ્માત માત્ર મૃતકની બેદરકારીના કારણે બન્યો હતો. વીમા કંપનીએ એવો બચાવ પણ લીધો હતો કે અકસ્માતમાં સંડોવાયેલ હોવાનું આક્ષેપિત મારુતિ કારના ડ્રાઈવર પાસે તે વાહન ચલાવવા માટે અસરકારક અને માન્ય ડ્રાઈવિંગ લાઈસન્સ નહોતું. વીમા કંપનીએ અકસ્માતની ઘટના અંગેની તારીખ, સમય અને સ્થળનો પણ ઈનકાર કર્યો છે. એ જ શ્વાસે, તેણે અકસ્માતમાં મારુતિ કારની સંડોવણીનો પણ ઈનકાર કર્યો છે.

૫. સુનાવણીના સમયે, દાવેદારો તરફથી મૃતકની માતા સાક્ષી નં. ૧ તરીકે હાજર રહી હતી, જ્યારે દાવો-અરજીના સમર્થનમાં એક પ્રત્યક્ષદર્શી અનવરખાન સુબાખાન પઠાણ સાક્ષી નં. ૨ તરીકે હાજર રહ્યો હતો.

૬. બીજી તરફ, વીમા કંપનીએ દાવા-અરજીનો વિરોધ કરતાં મારુતિ કારના ડ્રાઈવરનું પરીક્ષણ કર્યું, જેણે કોઈ લેખિત જવાબ રજૂ કર્યો નહોતો.

૭. યદ્દિપ લેખિત જવાબમાં વીમા કંપનીએ સ્પષ્ટ રીતે એવો કેસ રજૂ કર્યો હતો કે મારુતિ કારના ચાલક પાસે વાહન ચલાવવાનો પરવાનો નહોતો, તો પણ વીમા કંપની દ્વારા ઉક્ત ચાલકને એવો કોઈ પ્રશ્ન પૂછવામાં આવ્યો નહોતો. ઉક્ત ચાલકના કહેવા મુજબ, ઉલ્લેખિત પોતાની મારુતિ કાર તે ચલાવી રહ્યો હતો અને ઘટના સ્થળે હાજર પણ હતો, પરંતુ સ્કૂટરને ટક્કર મારનાર વાહન ટાટા સીએરા હતું અને તેની ગાડી અકસ્માતમાં સંકળાયેલ નહોતી.

૮. આ તબક્કે, અહીં ઉલ્લેખ કરવો અસ્થાને ગણાય તેમ નથી કે ઘટનાસ્થળે ફરજ પર રહેલા પોલીસ કોન્સ્ટેબલે નોંધાવેલી ફરિયાદના આધારે એક ફોજદારી કેસ નોંધવામાં આવ્યો હતો, અને ઉક્ત ફરિયાદીએ મારુતિ કારને ગુનાહિત વાહન તરીકે વર્ણવી તેનો નંબર આપ્યો હતો.

૯. નીચેની વિદ્વાન ટ્રિબ્યુનલએ નોંધ પર ઉપલબ્ધ સામગ્રીની મૂળવણી કરીને આ નિષ્કર્ષ પર પહોંચી હતી કે દાવા-અરજીમાં ઉલ્લેખિત મારુતિ કાર જ અકસ્માતકારક વાહન હતું, અને મારુતિ કારના બેદરકારીપૂર્વક તથા અવિવેકી રીતે ચલાવવાને કારણે અકસ્માત સર્જાયો હતો.

૧૦. વળતરની રકમ અંગે, વિદ્વાન ટ્રિબ્યુનલએ પીડિતની આવક રૂા.૪૦૦૦/- પ્રતિ માસ ગણેલી. ત્યારબાદ તેણે મૃત્યુ પામેલના વ્યક્તિગત ખર્ચ તરફ ૧/૩ ભાગની કપાત કરી અને આધારભૂત નિર્ભરતાના વાર્ષિક નુકસાનને

રૂા.૩૨,૦૦૦/– પ્રતિ વર્ષ માન્યું. ત્યાર પછી દાવેદાર ક્રમાંક ૧, પિતા, જેમની વય ૭૫ વર્ષ હતી અને દાવેદાર ક્રમાંક ૨, માતા, જેમની વય ૬૯ વર્ષ હતી, તે હકીકતને ધ્યાનમાં લઈ, ટ્રિબ્યુનલએ દાવેદારોની વયને ધ્યાને રાખીને ૮ નો ગુણક લાગુ કરવાનો નિર્ણય કર્યો અને નિર્ભરતાના નુકસાનના મથાળા હેઠળ રૂા.૨,૫૬,૦૦૦/–ની રકમ નક્કી કરી. ઉક્ત રકમ સિવાય, ટ્રિબ્યુનલએ સ્નેહ અને લાગણીના નુકસાન તરફ વધુ રૂા.૧૦,૦૦૦/– તથા સંપત્તિહાનિના મથાળા હેઠળ વધુ રૂા.૧૦,૦૦૦/– પણ ફાળવ્યા. ટ્રિબ્યુનલએ વધુમાં વૈદકીય ખર્ચના મથાળા હેઠળ રૂા.૧૦,૦૦૦/– અને અંત્યેષ્ટિ ખર્ચ તરફ રૂા.૨,૦૦૦/– ફાળવ્યા, અને આ રીતે કુલ રૂા.૨,૮૮,૦૦૦–૦૦નું વળતર ફાળવ્યું.

૧૧. અપીલકર્તા–વીમા કંપની તરફથી હાજર રહેલા વિદ્વાન વકીલ શ્રી નાનાવટીએ અકસ્માતના સ્થળના પંચનામા પર આધાર રાખીને આ અદાલત સમક્ષ જોરશોરથી દલીલ કરી હતી કે જ્યાં અકસ્માત બન્યો હતો તે રસ્તા પર ડિવાઇડર હોવાને કારણે સામેની દિશામાંથી આવતી મારુતિ કારનું મૃત્યુ પામનાર દ્વારા ચલાવવામાં આવતી સ્કૂટર, જે સામેની દિશામાંથી આવતી હતી, સાથે અથડાવું શક્ય નહોતું. શ્રી નાનાવટીએ મારુતિ કારના ચાલકના જુબાની પર ભારે આધાર મૂક્યો હતો, જેણે પોતાની જુબાનીમાં જણાવ્યું છે કે સ્કૂટરને ટક્કર મારનાર વાહન ટાટા સીએરા કાર હતી. શ્રી નાનાવટીના જણાવ્યા મુજબ, પ્રશ્નાધીન મારુતિ કાર અકસ્માતમાં સંકળાયેલી ન હોવાથી, તેમના પક્ષકાર પર કોઈપણ વળતરરકમ ચૂકવવાની જવાબદારી આવતી નથી. વળતરની રકમના

પ્રમાણ અંગે પણ, શ્રી નાનાવટીના જણાવ્યા મુજબ, મૃત્યુ પામનાર અવિવાહિત હોવાને કારણે વ્યક્તિગત ખર્ચ માટે ૧/૩ ભાગ કપાત કરવાને બદલે, (૨૦૦૯) ૬ એસ.સી.સી. ૧૨૧ માં અહેવાલિત સારલા વર્મા વિ. ડીટીડીસી ના કેસમાં નક્કી કરવામાં આવેલ મુજબ, વધુરણ મંડળે વ્યક્તિગત ખર્ચ માટે અડધી રકમ કપાત કરવી જોઈએ હતી અને પીડિતની માતાની વયના આધારે ૫ નો ગુણાંક લાગુ કરવો જોઈએ હતો. તેથી, શ્રી નાનાવટી પુરસ્કાર રદ કરવાની પ્રાર્થના કરે છે.

૧૨. દાવેદાર તરફથી હાજર રહેલા વિદ્ધાન વકીલ શ્રી રાજગુરુએ, બીજી તરફ, આક્ષેપિત પુરસ્કારનું સમર્થન કર્યું છે અને દલીલ કરી છે કે ફરજ પર રહેલા પોલીસ કોન્સ્ટેબલે અકસ્માત કરનાર વાહનનો નંબર નોંધ્યો હતો અને વાહનના ચાલકે પણ સ્વીકાર્યું હતું કે અકસ્માત સર્જાયો તે સમયે તે સ્થળ પર હાજર હતો, પરંતુ અન્ય એક વાહન સંકળાયેલું હતું, તેથી નીચલા ટ્રિબ્યુનલએ આવી આવૃત્તિ પર યોગ્ય રીતે વિશ્વાસ મૂક્યો નથી. શ્રી રાજગુરુએ વધુમાં દલીલ કરી છે કે મારુતિ કારના ચાલક અથવા માલિકે લેખિત જવાબ રજૂ કરીને મારુતિ સંકળાયેલ અકસ્માતના આક્ષેપનો ઇનકાર કર્યો ન હોવાથી, વીમા કંપનીના કહેવા પરથી સાક્ષી તરીકે હાજર રહેલા ચાલકની આવૃત્તિ પર ટ્રિબ્યુનલએ યોગ્ય રીતે વિશ્વાસ મૂક્યો નથી. તેથી, શ્રી રાજગુરુ અપીલ ફગાવી દેવા માટે પ્રાર્થના કરે છે.

૧૩. તેથી, આ અપીલમાં નિર્ધારણ માટે ઉભા થતા બે પ્રશ્નો એ છે કે, પ્રથમ, શું મારુતિ કાર અકસ્માતમાં સંકળાયેલી હતી, અને બીજું, જો પ્રથમ પ્રશ્નનો ઉત્તર હકારાત્મક હોય, તો વળતર કેટલું હોવું જોઈએ.

૧૪. પક્ષકારોના વિદ્વાન વકીલોને સાંભળ્યા પછી અને નોંધપાત્ર સામગ્રીનું અવલોકન કર્યા પછી, હું માનું છું કે જે અકસ્માતમાં સ્કૂટરચાલક એવા પીડિતનું મૃત્યુ થયું તે અંગે કોઈ વિવાદ નથી. દાવેદારોએ ખાસ કરીને એવો કેસ રજૂ કર્યો છે કે મારુતિ કાર માર્ગની ખોટી બાજુથી આવી રહી હતી અને તેણે યોગ્ય બાજુએ ચાલી રહેલા સ્કૂટરને અથડામણ કરી હતી. ફરજ પર રહેલા કોન્સ્ટેબલે, જેણે મારુતિ વાહનનો નંબર નોંધ્યો હતો, ફરિયાદ નોંધાવી હતી. માલિક તથા ચાલક બંનેને પક્ષકાર બનાવવામાં આવ્યા હોવા છતાં, મારુતિ કારની સંડોવણી તથા તેની બેદરકારી અંગેના આક્ષેપોનો ઇનકાર કરતી કોઈ લેખિત રજૂઆત તેમણે દાખલ કરી નહોતી. વીમા કંપનીએ અધિનિયમની કલમ ૧૭૦ હેઠળ પરવાનગી મેળવી એવી લેખિત રજૂઆત દાખલ કરી હતી કે વાહનના ચાલક પાસે ડ્રાઇવિંગ લાઇસન્સ નહોતું. આશ્ચર્યજનક રીતે, ચાલકને પોતાના સાક્ષી તરીકે તપાસતી વખતે તેને એવો કોઈ સૂચન કરવામાં આવ્યો નહોતો કે તેની પાસે લાઇસન્સ ન હતું. ઉક્ત ચાલકે પોતાના પુરાવામાં અકસ્માતના સમયે પોતાની હાજરી સ્વીકારી હતી, પરંતુ તેના કહેવા મુજબ ટાટા સિયેરા કારએ સ્કૂટરને અથડામણ કરી હતી. ઉપરોક્ત સ્વીકાર દર્શાવે છે કે ફરજ પર રહેલા કોન્સ્ટેબલ દ્વારા નોંધાવેલી ફરિયાદ સાચી હતી અને અપરાધકારક વાહન તરીકે મારુતિ કારનો નંબર

નોંધવામાં તે યોગ્ય હતો. વધુમાં, જો ચાલકને જાણ હતી કે વાસ્તવિક અપરાધકારક વાહન ટાટા સિયેરા કાર હતું, તો આવી હકીકત લેખિત રજૂઆતમાં જાહેર કરવી જરૂરી હતી. એવો આક્ષેપ નકારી કાઢતી કોઈ લેખિત રજૂઆત દાખલ ન કરવામાં આવી હોવાથી, મારા મત મુજબ, સાક્ષીપેટીમાં ચાલકે લીધેલો અભિગમ શંકાની દૃષ્ટિએ જોવો જોઈએ. વધુમાં, અકસ્માતના સ્થળની નજીક ગૅરેજ ધરાવતા એક સ્વતંત્ર વ્યક્તિએ પુરાવો આપ્યો છે કે તે અકસ્માતનો પ્રત્યક્ષદર્શી સાક્ષી છે અને અપરાધકારક વાહન મારુતિ કાર જ હતી. તેથી, મારુતિ વાહનનો નંબર નોંધનાર પોલીસ કોન્સ્ટેબલ દ્વારા નોંધાવેલી ફરિયાદના વર્ણન તેમજ સ્વતંત્ર પ્રત્યક્ષદર્શી સાક્ષીના વર્ણન પર અવિશ્વાસ કરવાની મને કોઈ કારણ દેખાતું નથી. જો કે શ્રી નાણાવટીએ આ અદાલતને સમજાવવાનો પ્રયાસ કર્યો કે ત્યાં ડિવાઈડર હોવાથી મારુતિ કાર વિપરીત દિશાથી આવીને સ્કૂટરને અથડાવી શકતી નહોતી, તેમ છતાં હું આ રજૂઆતથી પ્રભાવિત થતો નથી, કારણ કે દાવેદારોનો ચોક્કસ કેસ એવો છે કે મારુતિ કાર ખોટી બાજુથી આવી હતી. નોંધપાત્ર સમગ્ર સામગ્રીના વિચાર પર, ટ્રિબ્યુનલએ જે દૃષ્ટિકોણ અપનાવ્યો છે કે મારુતિ કાર જ અપરાધકારક વાહન છે, તેના સાથે અસહમત થવાનું મને કોઈ કારણ જણાતું નથી.

૧૫. આગળનો પ્રશ્ન એ છે કે વળતરની યોગ્ય રકમ કેટલી હોવી જોઈએ.

૧૬. પીડિતનું અવસાન ૫૨ વર્ષની ઉંમરે થયું હતું અને તે અવિવાહિત હતો. હિંદુ ઉત્તરાધિકાર અધિનિયમ મુજબ, તેની ૬૯ વર્ષની માતા એકમાત્ર વારસદાર અને કાનૂની પ્રતિનિધી હતી. નીચેની ટ્રિબ્યુનલે  દાવેદારનો એવો કેસ માન્યો નથી કે પીડિતની માસિક આવક રૂ. ૬૦૦૦ હતી અને તેના મુજબ તેની આવક પ્રતિ માસ રૂ. ૪૦૦૦/– માનવી જોઈએ, અને મને આ જણાવેલ નિષ્કર્ષમાં હસ્તક્ષેપ કરવાનો કોઈ કારણ જણાતો નથી. તેમ છતાં, ટ્રિબ્યુનલે વ્યક્તિગત ખર્ચ માટે માત્ર ૧/૩ ભાગ કપાત કર્યો હતો, અને મારા મત મુજબ, પીડિત અવિવાહિત હોવાથી ટ્રિબ્યુનલે અડધો ભાગ કપાત કરવો જોઈએ હતો, જેમ સર્વોચ્ચ અદાલતે સરલા વર્મા કેસમાં, જે (૨૦૦૯) ૬ એસ.સી.સી. ૧૨૧ માં અહેવાલિત છે, સૂચવ્યું છે. તેથી, મૃતકની માસિક આવક રૂ. ૨૦૦૦ તરીકે નિર્ધારિત કરવામાં આવે છે [રૂ. ૪૦૦૦/૨ = રૂ. ૨૦૦૦/–.

૧૬.૧ ઉપરોક્ત સરલા વર્મા [સુપ્રા] ના પ્રકરણમાં આપેલા નિર્ણય મુજબ, પીડિતની વય ૫૨ વર્ષ હોવાને કારણે, યોગ્ય ગુણક ૧૧ હોવો જોઈએ. જોકે, શ્રી નાણાવટીએ જોરદાર રીતે દલીલ કરી કે મને માતાની વયના આધારે ગુણક લાગુ કરવો જોઈએ અને તેથી તે ૫ હોવો જોઈએ. મને ક્ષમાયાચના સાથે કહેવું પડે છે કે હું શ્રી નાણાવટીની આ દલીલ સ્વીકારી શકતો નથી, કારણ કે સરલા વર્મા (સુપ્રા) ના પ્રકરણમાં સર્વોચ્ચ અદાલતે ક્યારેય એવો નિર્ધાર કર્યો નથી કે જ્યાં માતા દાવેદાર હોય, ત્યાં ગુણક નક્કી કરવા માટે તેની વય ધ્યાને લેવી જોઈએ. ઉક્ત ચુકાદામાંથી એટલું જ પ્રતિત થાય છે કે વિદ્વાન ન્યાયાધીશોએ ત્રિલોક

ચંદ્રા ના પ્રકરણમાં એ જ અદાલતના નીચેના અવલોકનોનો ઉલ્લેખ કર્યો હતો, જે (૧૯૯૬) ૪ એસસીસી ૩૬૨ ના પરિચ્છેદ ૧૮ માં છે:

*"૧૮. ... ઉપરાંત, ગુણકની પસંદગી દરેક કેસમાં માત્ર મૃત્યુ પામેલ વ્યક્તિની વય પર જ સંપૂર્ણપણે નિર્ભર રહી શકતી નથી. ઉદાહરણ તરીકે, જો મૃત્યુ પામેલ વ્યક્તિ અવિવાહિત હોય અને તેનું ૪૫ વર્ષની વયે અવસાન થાય અને તેના આશ્રિતો તેના માતા-પિતા હોય, તો ગુણકની પસંદગીમાં માતા-પિતાની વય પણ સંબંધિત ગણાશે. ... અમે જે બાબત ઉપર ભાર મૂકવા ઇચ્છીએ છીએ તે એ છે કે ગુણક ૧૮ વર્ષના ખરીદી-ઘટકથી વધુ હોઈ શકતો નથી. આ અગાઉની સ્થિતિ કરતાં સુધારો છે, જેમાં સામાન્ય રીતે તે ૧૬થી વધુ ન હોવો જોઈએ એમ માનવામાં આવતું હતું." (ભાર મૂકી આપવામાં આવ્યો છે).*

૧૬.૨ હું, તેમ છતાં, માનું છું કે સર્વોચ્ચ અદાલતે એ.એમ.આર.આઈ.ટી. ભાનુ શાલી વિ. નેશનલ ઇન્શ્યોરન્સ કો. લિ. ના કેસમાં, જે ૨૦૧૨ એ.આઈ.આર. એસ.સી.ડબ્લ્યુ. ૩૯૦૧ : ૨૦૧૨ એ.સી.જે. ૨૦૦૨ એસ.સી. માં અહેવાલિત છે, સર્વોચ્ચ અદાલતના સર્લા વર્મા [સુપ્રા] તથા યુ.પી.એસ.આર.ટી.સી. વિ. ત્રિલોક ચંદ્ર [સુપ્રા] ના કેસોમાં આપવામાં આવેલા નિર્ણયોની નોંધ લીધા પછી, ખંડપીઠે પરિચ્છેદ ૧૮ માં નીચે મુજબના અવલોકનો કર્યા હતા:-

"૧૮. સાલરા વર્મા (ઉપરોક્ત)ના મામલામાં આ અદાલતે એવું ઠરાવ્યું હતું કે ઉપયોગમાં લેવાતો ગુણક ઉક્ત ચુકાદાની કોષ્ટકના કૉલમ (૪) માં દર્શાવ્યા મુજબનો હોવો જોઈએ, જે ૧૮ના કાર્યકારી ગુણકથી શરૂ થાય છે. મૃત્યુના સમયે મૃતકની ઉંમર ૨૬ વર્ષ હતી, તેથી ૧૭નો ગુણક લાગુ કરવો જોઈએ હતો. ટ્રિબ્યુનલએ મૃતકની ઉંમરને ધ્યાનમાં લઈને યથાર્થ રીતે ૧૭નો ગુણક લાગુ કર્યો હતો, પરંતુ વડી અદાલતે ૧૭ના ગુણકનો લાભ આપ્યો નહીં અને તેને ઘટાડીને ૧૩નો ગુણક કરીને ગંભીર ભૂલ કરી હતી.

૧૬.૩ મારા મતાનુસાર, સર્વોચ્ચ અદાલતનું ઉપરોક્ત અવલોકન ભારતીય વારસાગત અધિનિયમની કલમ ૩૦૬ ની જોગવાઈઓ સાથે પણ સુસંગત છે, જેના મુજબ મૃત્યુ તરફ દોરી જતી વ્યક્તિગત ઈજાઓ માટેના વળતરના നടപടിક્રમમાં દાવો કરવાનો અધિકાર મૃતકના કાનૂની વારસદારો અને વસીયતના કાર્યાન્વયક પર યથાવત્ રહે છે. તેથી, અંતે મંજૂર થતું કોઈપણ વળતર માત્ર મૃતકની મિલ્કતનો ભાગ ગણાવું જોઈએ અને વારસામાં જતું હોય એવું જ નથી, પરંતુ એવોર્ડ અથવા હુકમનામામાં પરિણમે તે પહેલાંની કાર્યવાહી માટેનું કાર્યકારણ પણ વારસાગત ગણાશે અને વારસદારો તથા કાનૂની પ્રતિનિધિઓ પર યથાવત્ રહેશે. તેથી, જ્યારે અંતિમ એવોર્ડ અન્ય કોઈ મિલ્કતની જેમ મૃતકની મિલ્કતનો ભાગ બને છે, ત્યારે દાવેદારોની વયના આધારે ગુણક લાગુ કરવાનો કોઈ પ્રશ્ન ઊભો થતો નથી. મિલ્કતના નુકસાનનું મૂલ્યાંકન વારસદારની વય પર માત્ર ત્યારે આધારિત હોઈ શકે, જ્યારે

ભોગવટાનો એવો અધિકાર વારસદારના મૃત્યુથી સમાપ્ત થતો હોય; પરંતુ જો એવો અધિકાર હસ્તાંતરણીય અને વારસાગત હોય, તો એવું નથી.

૧૬.૪ દાવેદારની વય અનુસાર ગુણકના સિદ્ધાંતના આધારે વળતરનું મૂલ્યાંકન કરવામાં બીજી એક મોટી મુશ્કેલી છે. જો કોઈ વ્યક્તિ એકથી વધુ કાયદેસર વારસદારોને છોડી મૃત્યુ પામે, તો તેવી સ્થિતિમાં તમામ વારસદારોની વયોનો ઉમેરો કરીને પછી સરેરાશ કાઢવી પડે અને જો ઉક્ત સરેરાશ વય મૃત્યુ પામેલાની વયથી વધુ હોય, તો વીમા કંપનીના વિદ્વાન વકીલની દલીલ હું સ્વીકારું તો ગુણક નક્કી કરવા માટે તે જ આધાર ગણવો પડે. મારા મત મુજબ, મૃત્યુ પામેલાને થયેલ સંપત્તિહાનિ શોધવા માટે વારસદારોની સરેરાશ વય સર્વથા અસંગત પરિબળ છે અને તેથી, નીચેના ઉદાહરણથી સ્પષ્ટ થાય તેમ, આવો અભિગમ સર્વથા ખોટો ગણાય.

૧૬.૪.૧ આવો એક એવો મામલો લઈએ કે જેમાં અત્યંત ઉજ્જવળ ભવિષ્ય ધરાવતો એક પ્રતિભાશાળી યુવાન પોતાના લગ્ન પહેલાં જ ૨૫ વર્ષની વયે મૃત્યુ પામે છે અને પાછળ ૫૨ વર્ષના પિતા, ૪૭ વર્ષની માતા, ૨૩ વર્ષનો એક ભાઈ અને ૨૦ વર્ષની એક બહેન છોડી જાય છે. આવું માનીએ કે તે ભારતીય વહીવટી સેવાનો સભ્ય છે. જો મૃતક હિંદુ હોય, તો ૪૭ વર્ષની તેની માતા એકમાત્ર વારસદાર રહેશે. જો તે મુસ્લિમ હોય, તો આ ચારેય વ્યક્તિઓ વારસદાર રહેશે. બીજી તરફ, જો તે ખ્રિસ્તી હોય, તો તેનો પિતા એકમાત્ર વારસદાર રહેશે, જ્યારે

જો મૃતક પારસી હોય, તો તેના બંને માતા–પિતા વારસદાર રહેશે. પરિણામે, મિલકતહાનિનું મૂલ્ય તે કયા ધર્મનો અનુયાયી છે તેના પર નિર્ભર થશે. છતાં, મિલકતહાનિના મૂલ્યાંકન માટે તે માર્ગદર્શક પરિબળ બની શકે નહીં. હું સ્વીકારું છું કે મિલકતને થયેલી આંકલિત હાનિ મૃતકના ધર્મ પર આધારિત વારસાગત નિયમો અનુસાર વારસદારો અને કાનૂની પ્રતિનિધિઓ વચ્ચે વહેંચી શકાય, પરંતુ મિલકતહાનિનું મૂલ્ય મૃતક કયા ધર્મનો છે તેના આધારે બદલાઈ શકે નહીં અને અપકૃત્યકારને પીડિતના ધર્મના આધાર પર ગણતરી કરાયેલ જુદી જુદી વળતરની રકમ ચૂકવવા કહેવામાં આવી શકે નહીં. મારા મત મુજબ, ૨૫ વર્ષની વયના ભારતીય વહીવટી સેવાના સભ્યની મિલકતને ભવિષ્યની સંભાવનાઓના આધારે થયેલી હાનિ એકસરખી જ હોવી જોઈએ, ભલે તે હિંદુ હોય, કે મુસ્લિમ હોય, કે ખ્રિસ્તી હોય અથવા પારસી હોય. એ જ રીતે, જો મૃતકે વસીયતનામું કરીને પોતાની સમગ્ર મિલકત કોઈ નિશ્ચિત વ્યક્તિના હિતમાં વારસે આપી હોય અને તેને જ વસીયતનામાના કાર્યનિર્વાહક તરીકે પણ નિયુક્ત કર્યો હોય, તો શ્રી નાણાવટીની દલીલ હું સ્વીકારું તો હાનિની રકમ તે વ્યક્તિની વય પર નિર્ભર રહેશે.

૧૬.૫ હું, આથી, વળતરની ગણતરી કરતી વખતે દાવેદારની વયની પ્રાસંગિકતા અંગે સર્વોચ્ચ અદાલતે એ.એમ.આર.આઇ.ટી. ભાનુ શાલી વિ. નેશનલ ઇન્સ્યોરન્સ કો. લિ. [ઉપરોક્ત] ના કેસમાં ફકરો ૧૭ માં કરેલ નીચેના અવલોકનો સ્વીકારવાનો પ્રસ્તાવ કરું છું:–

"૧૭. ગુણાંકની પસંદગી મૃતકની વયના આધારે કરવામાં આવે છે અને આધારિત વ્યક્તિની વયના આધારે નહીં. મૃતકના આધારિતોની સંખ્યા બહુ હોઈ શકે છે, જેઓની વય ભિન્ન હોઈ શકે છે અને તેથી, આધારિતોની વયનો વળતરની ગણતરી સાથે કોઈ સંબંધ નથી.

[ભાર મૂકવામાં આવ્યો છે]

૧૭. હવે હું શ્રી નાણાવટી દ્વારા ઉલ્લેખિત નિર્ણયોની ચર્ચા કરવાની પ્રસ્તાવના કરું છું. તેમ છતાં, તે નિર્ણયોમાં પ્રવેશતા પહેલાં, હું દર્શાવી શકું છું કે ગુણકના પ્રયોગ અંગે, એમ.વી. અધિનિયમના ક્ષેત્રમાં સર્વોચ્ચ અદાલત દ્વારા આપવામાં આવેલા નિર્ણયો પણ એકરૂપ નથી. હાલ ટ્રિબ્યુનલ્સ / અદાલતો દ્વારા સતત અનુસરવામાં આવતા સારલા વર્મા [સુપ્રા] ના કેસમાં પણ આવી વિસંગતતાઓ દર્શાવવામાં આવી છે.

૧૮. શ્રી નાણાવટીએ યુ.પી.એસ.આર.ટી.સી. વિ. ત્રિલોક ચંદ્રા, અહેવાલિત (૧૯૯૬) ૪ એસ.સી.સી. ૩૬૨ : ૧૯૯૬ એ.સી.જે. ૮૩૧ તથા જનરલ મેનેજર, કેરળા સ્ટેટ રોડ ટ્રાન્સપ્ફોટ કોર્પોરેશન વિ. સુસંમ્મા થોમસ, અહેવાલિત (૧૯૯૪) ૨ એસ.સી.સી. ૧૭૬ : ૧૯૯૪ એ.સી.જે. ૧૭૬ ના કેસોમાં કરાયેલ અવલોકનો પર મજબૂત નિર્ભરતા મૂકી, પોતાની દલીલના સમર્થનમાં રજૂઆત કરી હતી કે જ્યાં દાવેદારો અવિવાહિત વ્યક્તિના માતા-પિતા હોય, ત્યાં ગુણક નક્કી કરતી વખતે દાવેદારોની વય ધ્યાનમાં લેવવી જોઈએ. શ્રી નાણાવટીએ

ઉપરોક્ત નિર્ણયો પર વધુ નિર્ભરતા રાખી એ પણ દલીલ કરી હતી કે પીડિતની વય અથવા દાવેદારની વયના આધારે, જેમાંથી જે ગુણક ઓછો આવતો હોય, તે જ લાગુ કરવો જોઈએ.

૧૮.૧ ઉપરોક્ત બે નિર્ણયોમાં, અકસ્માતમાં મૃત્યુ પામેલ ભિન્ન ધર્મના મૃતકની મિલકતને થયેલ નુકસાનના નિર્ધારણ અંગે કાયદાની સ્થિતિ શું રહેશે તે પ્રશ્ન પર ન તો કોઈ દલીલ કરવામાં આવી હતી અને ન તો કોઈ નિષ્કર્ષ નોંધવામાં આવ્યો હતો. માત્ર અમૃત ભાનુ શાલી વિ. નૅશનલ ઇન્શ્યોરન્સ કો. લિ. (ઉપરોક્ત) ના મામલામાં, ભલે તે બે–ન્યાયાધીશોવાળી ખંડપીઠનો નિર્ણય હોય, તેમ છતાં વળતરના આકલન વખતે દાવેદારની ઉંમરનો કોઈ સંબંધ નથી, એમ સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું હતું.

૧૮.૩ તેથી, સર્વોચ્ચ અદાલતે એ.એમ.આર.આઈ.ટી. ભાનુ શાલી વિ. નેશનલ ઈન્સ્યોરન્સ કો. લિ. (ઉપરોક્ત) ના કેસમાં કરેલ અવલોકનોના પ્રકાશમાં અને ભારતીય ઉત્તરાધિકાર અધિનિયમની કલમ ૩૦૬ તેમજ ભારતના બંધારણના અનુચ્છેદ ૧૪ અને ૧૫ ના પ્રકાશમાં મારા અવલોકનોને ધ્યાનમાં લેતા, અપકૃત્યકાર દ્વારા ચૂકવવાપાત્ર કુલ વળતરનું મૂલ્યાંકન ધર્મના આધારે કરી શકાય નહીં અને જ્યાં અપકૃત્યકાર તૃતીય પક્ષ હોય ત્યાં નુકસાનના વળતરની આકારણીના હેતુસર સમાન કાયદો હોવો આવશ્યક છે; અન્યથા, અપકૃત્યકારનું ભાગ્ય મૃત્યુ પામનાર વ્યક્તિના ધર્મ પર નિર્ભર રહેશે.

૧૯. શ્રી નાનાવટી દ્વારા આધારરૂપે ઉલ્લેખિત (૨૦૧૦) ૧૪ એસ.સી.સી. ૫૭૫ માં અહેવાલિત શક્તિ દેવી વિ. ન્યૂ ઈન્ડિયા ઈન્શ્યોરન્સ કો. લિ. ના મામલામાં, સર્વોચ્ચ અદાલતે સંપત્તિહાનિની ગણતરી માટે ગુણક પદ્ધતિની કાર્યક્ષમતા પર ભાર મૂક્યો હતો, અને તે મામલામાં દાવેદારોની ઉંમરના આધારે ગુણક નિશ્ચિત થવો જોઈએ એવા સિદ્ધાંત પર આધાર રાખવામાં આવ્યો હતો. ઉપર હું અગાઉથી જ દર્શાવી ચૂક્યો છું કે અમૃત ભાનુ શાલી વિ. નૅશનલ ઈન્શ્યોરન્સ કો. લિ. (ઉપરોક્ત) ના મામલામાં, યુ.પી.એસ.આર.ટી.સી. વિ. ત્રિલોક ચંદ્રા [ઉપરોક્ત] ના મામલાના નિર્ણયનો, જેનો ઉલ્લેખ શક્તિ દેવી [ઉપરોક્ત] ના મામલામાં પણ થયો છે, વિચારમાં લીધા બાદ, તે મામલામાં ભિન્ન અભિપ્રાય અપનાવવામાં આવ્યો હતો, જે મારા મત અનુસાર, દેશના અન્ય પ્રવર્તમાન કાયદા અને ભારતના બંધારણ સાથે અસંગત છે.

૨૦. કિશન ગોપાલ એન્ડ અનધર વિ. લાલા, જે (૨૦૧૪) ૧ એસ.સી.સી. ૨૪૪ માં અહેવાલિત છે, તે મામલામાં સર્વોચ્ચ અદાલત ૧૦ વર્ષના બાળકના મૃત્યુ અંગે વળતર માટે એમ.વી. અધિનિયમની કલમ ૧૬૬ હેઠળના એક કેસ પર વિચારણા કરી રહી હતી. સર્વોચ્ચ અદાલતે વાર્ષિક ૯% ના દરે વ્યાજ સાથે રૂ. ૫ લાખનું વળતર મંજૂર કર્યું હતું, અને લતા વાધવા વિ. સ્ટેટ ઑફ બિહાર, જે (૨૦૦૧) ૮ એસ.સી.સી. ૧૯૧ માં અહેવાલિત છે, તે કેસમાં નિર્ધારિત કરવામાં આવેલા સિદ્ધાંતો પર આધાર રાખીને એવું ઠરાવ્યું હતું કે માતાની વયના આધારે ગુણક લાગુ કરવો જોઈએ. તેથી, ઉક્ત નિર્ણય ઉક્ત કેસના તથ્યોને ધ્યાનમાં

લઈને આપવામાં આવ્યો હતો, અને અમૃત ભાનુ શાલી વિ. નૅશનલ ઇન્શ્યોરન્સ કો. લિ. (સુપ્રા) ના કેસમાં સર્વોચ્ચ અદાલતના પૂર્વવર્તી નિર્ણયમાં લેવાયેલ અભિપ્રાયનો જરાય પણ ઉલ્લેખ કરવામાં આવ્યો ન હતો. વર્તમાન કેસના તથ્યોમાં ઉક્ત નિર્ણય અપીલકર્તાને કેવી રીતે કોઈ મદદરૂપ થઈ શકે તે માટે મને કોઈ કારણ જણાતું નથી.

૨૧. શ્રી નાણાવટીએ ૨૦૦૭ એ.સી.જે. ૫૬૧ માં અહેવાલિત મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પ્ન. વિ. લાલનિપુઇઈ ના કેસમાં સર્વોચ્ચ અદાલતના નિર્ણય પર પણ આધાર મૂક્યો હતો, જેમાં સર્વોચ્ચ અદાલતે ૩૧ વર્ષ વયના અવિવાહિત પીડિતના મૃત્યુ બાબતે, ગુણાંક નક્કી કરવાની હેતુસર માતાની વયનો આધાર લીધો હતો. તે પણ સર્વોચ્ચ અદાલતની બે–ન્યાયાધીશ પીઠનો એવો નિર્ણય હતો, જેમાં અમૃત ભાનુ શાલી વિ. નેશનલ ઇન્શ્યોરન્સ કો. લિ. (ઉપરોક્ત) ના કેસમાં લેવાયેલા અભિપ્રાયથી ભિન્ન અભિપ્રાય અપનાવવામાં આવ્યો હતો.

૨૨. કલકત્તા વડી અદાલતની વિભાગીય પીઠનો તાજેતરનો નિર્ણય, જે નેશનલ ઇન્શ્યોરન્સ કો. લિ. વિ. નિખિલ મોન્ડલ અને અન્યના કેસમાં, ૨૦૧૪ લૉ સૂટ (કેલ) ૪૭૩ માં અહેવાલિત છે, તેના ઉપર શ્રી નાણાવટીએ દઢપણે આધાર મુક્યો છે; જેમાં કલકત્તા વડી અદાલતની વિભાગીય પીઠે આ પાસાં સંબંધિત તમામ પ્રાસંગિક નિર્ણયોનો વિચાર કરીને, અંતે માત્ર એટલા આધાર પર યુ.પી.એસ.આર.ટી.સી. વિ. ત્રિલોક ચંદ્રા [ઉપરોક્ત] ના કેસમાં આપેલા

નિર્ણયને અનુસરવાનો નિર્ણય કર્યો કે તે ત્રણ–ન્યાયાધીશોની પીઠનો નિર્ણય છે. ઉક્ત વિભાગીય પીઠે અમૃત ભાનુ શાલી વિ. નેશનલ ઇન્શ્યોરન્સ કો. લિ. (ઉપરોક્ત) ના કેસના ચુકાદાના પરિચ્છેદ ૧૭ ઉપર પણ આધાર મૂક્યો છે અને સરલા વર્મા [ઉપરોક્ત] તથા યુ.પી.એસ.આર.ટી.સી. વિ. ત્રિલોક ચંદ્રા [ઉપરોક્ત] ના કેસોના નિર્ણયોનો વિચાર કર્યા બાદ, ત્રિલોક ચંદ્રા [ઉપરોક્ત] ના કેસના નિર્ણય ઉપર આધાર રાખીને, તે જ બાબતને અવગણવાનો નિર્ણય કર્યો છે. મારા મત મુજબ, જ્યારે સર્વોચ્ચ અદાલતનો અનુવર્તી નિર્ણય અગાઉના નિર્ણયનું અર્થઘટન કરે છે અને સર્વોચ્ચ અદાલતના અન્ય અગાઉના નિર્ણયોનો પણ વિચાર કરે છે, ત્યારે એ જ બાબતને આ કહીને અવગણી શકાતી નથી કે વડી અદાલત એવો મત ધરાવવાનો પ્રસ્તાવ કરે છે કે સર્વોચ્ચ અદાલતની બે–ન્યાયાધીશોની પીઠે આપેલું અર્થઘટન ખોટું છે. વધુમાં, જ્યારે અનુવર્તી બે–ન્યાયાધીશોની પીઠનો નિર્ણય દેશના અન્ય કાયદાઓ સાથે સુસંગત નથી, અને જે બાબત અગાઉના ત્રણ–ન્યાયાધીશોની પીઠના નિર્ણયમાં ધ્યાનમાં લેવામાં આવી નહોતી, ત્યારે તો ખાસ કરીને એવો અભિગમ સ્વીકાર્ય નથી. કલકત્તા વડી અદાલતની વિભાગીય પીઠના માનનીય ન્યાયાધીશો પ્રત્યે ઉચ્ચ માન સાથે, હું તેને પૂર્વનિર્ણય તરીકે અનુસરવા અસમર્થ છું.

૨૩. શ્રી નાણાવટીએ પોતાની દલીલના સમર્થનમાં કલકત્તા વડી અદાલતના અન્ય વિભાગીય ખંડપીઠના નિર્ણય પર પણ આધાર રાખ્યો હતો, જે નેશનલ ઇન્શ્યોરન્સ કો. લિ. વિ. મોહિની કમિલા અને અન્યના મામલામાં, ૨૦૧૩

લોસ્યુટ (કલ) ૧૦૩૫માં અહેવાલિત છે, એ મુજબ કે અવિવાહિત વ્યક્તિના મૃત્યુના કેસમાં ગુણાંક મૃતકની ઉંમરના આધારે નહીં પરંતુ માતાની ઉંમરના આધારે નિર્ધારિત થવો જોઈએ. તે નિર્ણયમાં, કલકત્તા વડી અદાલતના વિભાગીય ખંડપીઠે મિલ્કતના નુકસાનના આકલનમાં મૂલવણી મૃતકના ધર્મ પર આધારિત હોઈ શકે કે કેમ, તે પ્રશ્નનો વિચાર કર્યો ન હતો.

૨૪. આથી, હું એવું નિષ્કર્ષે પહોંચું છું કે શ્રી નાણાવટીએ આધારરૂપ ગણાવેલા તમામ કેસોમાં, ઉપરોક્ત પાસું ધ્યાનમાં લેવામાં આવ્યું નથી.

૨૫. સર્વોચ્ચ અદાલતના અમૃત ભાનુ શાલી વિ. નેશનલ ઇન્સ્યોરન્સ કો. લિ. (ઉપરોક્ત) કેસમાં આપવામાં આવેલા ઉપરોક્ત નિર્ણયને ધ્યાનમાં લેતા, જેમાં માત્ર સરલા વર્મા [ઉપરોક્ત] કેસના નિર્ણયનું અર્થઘટન જ કરવામાં આવ્યું નથી પરંતુ (૧૯૯૬) ૪ એસ.સી.સી. ૩૬૨ માં અહેવાલિત યુ.પી.એસ.આર.ટી.સી. વિ. ત્રિલોક ચંદ્રા કેસમાં સર્વોચ્ચ અદાલતના ત્રણ–ન્યાયાધીશ પીઠના નિર્ણયની પણ નોંધ લેવામાં આવી છે, હું શ્રી નાણાવટીની આ દલીલમાં કોઈ સાર જોતો નથી કે યોગ્ય ગુણક માતા–પિતાની ઉંમરના આધારે લાગુ કરવો જોઈએ હતો.

૨૬. વધુમાં, અગાઉ સૂચવ્યા મુજબ, જો અધિનિયમની કલમ ૧૬૬ હેઠળના દાવા–અરજીના વિચારણાનો હેતુ અપકર્તા વાહનના ચાલકની બેદરકારીને કારણે મૃત્યુ પામેલાની મિલકતને થયેલ નુકસાન નિર્ધારિત કરવાનો હોય, તો વારસદાર

અને કાનૂની પ્રતિનિધિના મૃત્યુ પામેલાની ઉંમર, કોઈપણ રીતે, નુકસાનની રકમના આકલન માટે સંબંધિત પરિબળ બની શકતી નથી. ટ્રિબ્યુનલને એ નિર્ધારિત કરવાનું રહે છે કે અકસ્માતને કારણે પીડિતના જીવનમાં થયેલા કપાતના પરિણામે તેની મિલકતને કેટલું નુકસાન થયું હોવું જોઈએ, જેનો અનિવાર્ય અર્થ એવો થાય છે કે તે જેટલી કમાણી કરી શક્યો હોત તેમાંથી પીડિતે પોતાનાં વ્યક્તિગત ખર્ચ માટે જે રકમ પોતે ખર્ચી હોત તે ઘટાડ્યા બાદની રકમ. ઉક્ત રકમ જ મૃત્યુ પામેલાની મિલકતનું વાસ્તવિક નુકસાન છે.

૨૭. આ અદાલત આ હકીકતને પણ અવગણી શકતી નથી કે અધિનિયમની જોગવાઈઓ અનુસાર વળતર માટેની અરજી માત્ર પીડિતના વારસદારો અથવા કાનૂની પ્રતિનિધિઓ દ્વારા જ કરી શકાય છે અને તે જરૂરી નથી કે વારસદાર અથવા કાનૂની પ્રતિનિધિ તરીકેની તેની સ્થિતિ ઉપરાંત, તે પીડિત પર આર્થિક રીતે પણ આધારિત હોવો જોઈએ. (જુઓ મંજુરી બેરા વિ. ઓરિએન્ટલ ઇન્શ્યોરન્સ કંપની અને અન્ય, અહેવાલિત (૨૦૦૭) ૧૦ એસ.સી.સી. ૬૪૩ માં.)

આથી, ભલે અમે વળતરની રકમની ગણતરી કરતી વખતે "ભાવિ નિર્ભરતા" ના નુકસાન શબ્દપ્રયોગનો ઉલ્લેખ કરીએ, છતાં અરજદાર ખરેખર પીડિતની મિલ્કત પર નિર્ભર છે કે નહીં તે પ્રશ્ન વળતરનું નિર્ધારણ કરવા માટે અપ્રસંગિક છે.

૨૮. ઉદાહરણ તરીકે, પીડિતની વિધવા સ્ત્રી પુનર્વિવાહ કર્યા પછી પણ, વારસાગત કાનૂન મુજબ તેના હિસ્સા અનુસાર મિલ્કત વારસામાં મેળવવા અને

પુરસ્કારનો લાભ લેવા હકદાર વારસદાર તરીકે વળતરની અરજી જાળવી રાખવા હકદાર રહેશે. તેથી, જો એકમાત્ર વારસદાર અને કાનૂની પ્રતિનિધિ તરીકે વૃદ્ધ માતા વળતર માટે અરજી કરે, તો મૃત્યુ પામેલ વ્યક્તિની મિલ્કતને થયેલ વાસ્તવિક નુકસાન માત્ર એટલા કારણે મર્યાદિત કરી શકાતું નથી કે વૃદ્ધ માતા લાભનો લાંબા સમય સુધી ઉપભોગ કરવા જીવિત ન રહે, જ્યારે યુવા વિધવાના કિસ્સામાં નાણાની તેની જરૂરિયાત લાંબા સમય સુધી ચાલુ રહેવાની હોય. રકમમાં ફેરફાર કરવાનો એકમાત્ર માન્ય કારણ એ છે કે અવિવાહિત પીડિતના કિસ્સામાં, પંચે એમ અનુમાન કરવું જોઈએ કે પીડિતે પોતાની જરૂરિયાત માટે વધુ રકમ ખર્ચી હોત, તુલનાત્મક રીતે તેવા કિસ્સાની સરખામણીએ કે જેમાં તેને વારસદાર તરીકે આર્થિક રીતે વધુ નિર્ભર વ્યક્તિઓ હોત. તેથી, અમૃત ભાનુ શાલી વિ. નૅશનલ ઈન્શ્યોરન્સ કો. લિ. (ઉપરોક્ત) ના કેસમાં ફકરા ૧૭ માં સર્વોચ્ચ અદાલતે, સરલા વર્મા (ઉપરોક્ત) તથા યુપીએસઆરટીસી વિ. ત્રિલોક ચંદ્ર [ઉપરોક્ત] બન્નેને ધ્યાનમાં લઈને કરેલ અવલોકનો આ અદાલત પર બંધનકારક છે. યુપીએસઆરટીસી વિ. ત્રિલોક ચંદ્ર [ઉપરોક્ત] ના કેસમાં પણ, સર્વોચ્ચ અદાલતે અધિનિયમની અનુસૂચિ ૨ માં રહેલ ખામીઓ અંગે ટિપ્પણીઓ કરતી વખતે, અગાઉ ઉદ્ધૃત કરેલ માતા–પિતાની વયના વિચારના મહત્વ અંગે અવલોકનો કર્યા હતા, પરંતુ તે જ સમયે તાત્કાલિક નીચેના અવલોકનો ઉમેર્યા હતા:

અમે જે બાબત પર ભાર મૂકવાનો પ્રસ્તાવ કરીએ છીએ તે એ છે કે ગુણક ૧૮ વર્ષના ખરીદી ગુણાંકથી વધુ હોઈ શકતો નથી. આ અગાઉની સ્થિતિની સરખામણીએ સુધારો છે, જેમાં સામાન્ય રીતે તે ૧૬થી વધુ ન હોવો જોઈએ.

૨૮.૧ આ રીતે, સરલા વર્મા (સુપ્રા) મુજબ નિર્દિષ્ટ ગુણક ૧૧ છે, અને હિંદુ ઉત્તરાધિકાર અધિનિયમની જોગવાઈઓને ધ્યાનમાં લેતાં પણ, હું આ મતનો છું કે આ કેસમાં પીડિતના વ્યક્તિગત ખર્ચ માટે આવકનો અડધો ભાગ ઘટાડ્યા પછી યોગ્ય ગુણક ૧૧ હોવો જોઈએ.

૨૯. ઉપરોક્ત સિદ્ધાંત લાગુ કરતાં, ભવિષ્યના નુકસાનની રકમ રૂ. ૨૦૦૦ X ૧૨ X ૧૧ = રૂ. ૨,૬૪,૦૦૦/- થવી જોઈએ. મારા મત મુજબ, પરંપરાગત રકમના મથાળાં હેઠળ સારલા વર્મા [સુપ્રા]ને અનુસરીને રૂ. ૨૦,૦૦૦/-ની વધુ રકમ ઉમેરવી જોઈએ. તેથી, સારલા વર્મા [સુપ્રા] અને અમૃત ભાનુ શાલી [સુપ્રા]ને અનુસરીને દાવેદારને નીચેની રકમો મેળવવાનો હકદાર ઠરાવવામાં આવે છે:-રૂ. ૨,૬૪,૦૦૦-૦૦ નિર્ભરતાની હાનિ [રૂ. ૨૦૦૦ X ૧૨ X ૧૧] રૂ. ૨૦,૦૦૦-૦૦ પરંપરાગત રકમ રૂ. ૨,૮૪,૦૦૦-૦૦ કુલ

૨૯.૧ તે અનુસાર, દાવા અરજી દાખલ થયેલી તારીખથી લઈને વાસ્તવિક ચુકવણીની તારીખ સુધી દર વર્ષે ૯% વ્યાજ સાથે રૂ. ૨,૮૮,૦૦૦/- માંથી રૂ.

૪૦૦૦/– ની રકમ ઘટાડીને રૂ. ૨,૮૪,૦૦૦/– કરીને અવોર્ડમાં ફેરફાર કરવામાં આવે છે.

૨૯.૨ આ અદાલતે સિવિલ એપ્લિકેશન નં. ૧૧૭૮૦ ઑફ ૨૦૦૬ માં તા. ૨૩મી નવેમ્બર ૨૦૦૬ અને ૭મી ડિસેમ્બર ૨૦૦૬ ના રોજ પસાર કરેલા આદેશોના અનુસંધાને, વીમા કંપનીએ ટ્રિબ્યુનલ દ્ધારા અપાયેલ સંપૂર્ણ રકમ જમા કરી છે અને તેમાંની અડધી રકમ દાવેદારોને ચૂકવવાનો આદેશ કરવામાં આવ્યો હતો તેમજ બાકી અડધી રકમને સ્થિર થાપણમાં મૂકાશે એવો આદેશ કરવામાં આવ્યો હતો, અને તેના પર ઉપજતા વ્યાજની ઉપાડ કરવાની દાવેદારોને પરવાનગી આપવામાં આવી હતી. ટ્રિબ્યુનલને આદેશ આપવામાં આવે છે કે તે ખાતાધારકના નામે ચુકવવાપાત્ર ચેક દ્ધારા રૂપિયા ૪૦૦૦/– ની તફાવતી રકમ તથા તેના પરના પ્રમાણસર વ્યાજની રકમ અપીલકર્તા–વીમા કંપનીને તાત્કાલિક પરત કરે અને યોગ્ય ચકાસણી બાદ, સ્થિર થાપણમાં મૂકાયેલી રકમ સહિત બાકી રકમ દાવેદારોને ખાતાધારકના નામે ચુકવવાપાત્ર ચેક દ્ધારા ચૂકવે.

૩૦. આ મુજબ અપીલ અંશતઃ મંજૂર કરવામાં આવે છે. ખર્ચ અંગે કોઈ આદેશ કરવામાં આવતો નથી.

૩૧. જો અપીલ દાખલ કરતી વખતે અપીલકર્તા દ્વારા જમા કરવામાં આવેલી રૂ. ૨૫,૦૦૦/- ની રકમ હજી સુધી નીચલી ટ્રિબ્યુનલને હસ્તાંતરિત કરવામાં આવી ન હોય, તો તે જ રકમ તાત્કાલિક ટ્રિબ્યુનલને હસ્તાંતરિત કરવામાં આવે.

૩૨. રજિસ્ટ્રીને આદેશ આપવામાં આવે છે કે તે તાત્કાલિક રેકોર્ડ અને કાર્યવાહી ટ્રિબ્યુનલને પરત કરે.

સહી/-

(ભાસ્કર ભટ્ટાચાર્ય, મુખ્ય ન્યાયમૂર્તિ)

*The translation of this judgment has been provided by M/s Hyperlink E-Solutions Pvt. Ltd.*

==========================================================

**<u>અસ્વીકરણ</u>:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**<u>DISCLAIMER:</u>** The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.